અરજી નં.૩૪૫ તા.૧૯–૨–૦૯

અરજદારઃ શ્રી નટવરભાઈ ગોવનભાઈ ગજજર

સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ આઈ ડી.નં.૧૧૨૩ અને તા.૧–૧–૦૯ શ્રી નટવરભાઈ ગોવનભાઈ ગજજરની અરજીથી વોર્ડ નં.૭ નોંધ નં.૨૪૦૯ વાળી મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ અને દબાણ અંગે તા.૧૯–૧૧–૦૮ ના રોજ કરેલી અરજીઓ અંગે શું પગલા ભર્યા તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૯–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૪૫/૨૦૦૮–૦૯

શ્રી નટવરભાઈ ગોવનભાઈ ગજજરની આઈ ડી.નં.૧૧૨૩ અને તા.૧–૧–૦૯ અરજીથી વોર્ડ નં.૭ નોંધ નં.૨૪૦૯ વાળી મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ અને દબાણ અંગે તા.૧૯–૧૧–૦૮ ના રોજ કરેલી અરજી ઉપર શું પગલા ભર્યા તેની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે તા.૨૨–૧–૦૯ ના રોજ આપેલ જવાબના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૧૫૬ તા.૭–૩–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ માહિતી નહીં મળતા પુનઃ ટેલીફોનિક જાણ કરી માંગણી કરતાં તા.૧૯–૩–૦૯ ના રોજ રૂબરૂ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર અરજદારની તા.૧૯–૧૧–૦૮ ની અરજીમાં નિર્દિષ્ટ કલેકટરશ્રીના ફરિયાદ નિવારણ કાર્યક્રમ હેઠળ તા.૨૩–૧૦–૦૮ ના ઠરાવ અન્વયે સેન્ટ્રલ ઝોન કક્ષાએથી હાથ ધરાયેલ કાર્યવાહી અંગેનો તા.૧૯–૨–૦૯ ના ખાતાના રીપોર્ટની નોંધ વિભાગની નકલ સાથે રજૂ કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએ આ અંગે બાબત હેઠળની મિલ્કત અંગે સ્થળ તપાસ સહ હાથ ધરાયેલ તબકકાવાર કાર્યવાહીનો સીટી સર્વે કચેરીના સનદ અરજદારે રજૂ કરેલ દસ્તાવેજ વિગેરેના નિર્દેશ સહ ઉલ્લેખ છે.

અરજદારે અપીલ અરજીમાં ૧૯–૧૧–૦૮ ની અરજી સંદર્ભે શું પગલા લીધા અને તે અંગે કરેલ અપીલ બાબતે અરજદારે અપીલ સાથે મુળ અરજી તથા તા.૧૯–૧૧–૦૮ ની અરજીની નકલ તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી પાઠવેલ ૨૨–૧–૦૯ નો પત્ર વિગેરે અપીલ અરજી સાથે રજુ કરવાના રહે છે જે અરજદારે રજુ નહીં કરતાં નં.આરટીઆઈ સેલ/૧૧૫૬ તા.૭–૩–૦૯ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ. ત્યાર બાદ પણ અરજદારે સદરહુ વિગત તેમજ પર્યાપ્ત આધાર અને વાજબીપણું રજુ કરવામાં આવેલ નથી. અરજદારની તા.૧૯–૧૧–૦૮ ની અરજી બાબતે શું પગલા ભર્યા તેની માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૮૭ તા.૨૨–૧–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.જે અનુસાર સ્થળ તપાસ દરમ્યાન સબંધિત પ્રશ્ન અંગેના અધિકૃત પુરાવાને સાથે રાખીને અરજદારની હાજરીમાં સ્થળ ચકાસણી કરવામાં આવેલ છે. જેના પરીણામ સ્વરૂપે અરજદારની રજુઆત અંગે હાલ આગળની કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેવો જવાબ જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ છે. આ રીતે અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તા.૧૯–૧૧–૦૮ ની અરજી બાબતેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે અપીલ અરજીમાં ગેરકાયદેસર રીતે દબાણ બાબતે કાર્યવાહીને લગતી રજુઆત કરેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૧–૧–૦૯ ની અરજીથી તા.૧૯–૧૧–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી અંગે અરજદારને તા.૨૨–૧–૦૯ ના રોજ આ.નં.૧૨૮૭ થી અરજદારને માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ તેમાં અરજદારની અરજી અંગે હાથ ધરાયેલ કાર્યવાહી અને તેના અનુસંધાને લીધેલ નિર્ણયના વાજબીપણાનો ઉલ્લેખ જે ખાતાના નોંધ વિભાગમાં જણાવેલ છે. તેનો સમાવેશ થયેલ જણાતો નથી જેથી સદર રીપોર્ટની નકલ આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

અરજદાર અપીલ અરજીમાં કાર્યવાહીને લગતી કરેલી રજુઆત અંગે સક્ષમ સત્તાધીશને અલગ રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન,.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નટવરભાઈ ગોવનભાઈ ગજજર,